## <u>રેગ્યુલર દરખાસ્ત નંબર ૦૧/૨૦૧૮</u>

## <u>આંક–૧ તળે હુકમ</u>

સદર કામે  તા.૬/૩/૨૦૧૯ ના રોજ વાદી સંસ્થા વતી સંસ્થાના મંત્રીશ્રી વનમાળીભાઈ ટંડેલ તથા તેમના વિ.વ.શ્રી કે. એમ. શેખ હાજર થઈ પોતાની સહિ કરેલ આંક–૦૯ ની  વિડ્રો પુરસીસ રજુ રાખેલ છે. સદર આંક–૦૯ ની વિડ્રો પુરસીસની વિગત મુજબ સદરહુ કામ વાદી સંસ્થાના વતી સંસ્થાના મંત્રીશ્રી વનમાળીભાઈ ટંડેલનાઓએ પરત ખેંચતા હોઈ જે વિગત વાંચી સંભળાવતા ખરી હોવાનુ જણાવતા હોઈ તથા વાદી હાલની દરખાસ્ત પાછી ખેંચવા માંગતા હોઈ વિડ્રો કરવા અંગેની હાલની આંક–૦૯ ની વિડ્રો પુરસીસ રજુ રાખેલ છે તે આધારે સદરહુ દરખાસ્ત  આગળ ચલાવવાની બાકી રહેતી ન હોઈ કેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સદરહુ દરખાસ્ત વાદી દ્વારા વિડ્રો કરેલ હોઈ હાલના દરખાસ્તનું કામ તે રીતે બંધ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૬ મી માર્ચ, સને – ૨૦૧૯ ના રોજ જાહેર કર્યો.

DATE:-16/03/2019 (ASIF MOHHEMMADHABIB MEMON)
UMBERGAON (GJ-01251)

3rd ADDITIONAL JUDICIAL MAGISTRATE FIRSTCLASS
UMBERGAON

C C NO. 60 OF 2010

## **–:: આંક–૧ લગત હુ ક મ ::–**

હાલના કામે આરોપી વિરૂધ્ધનું આંક–૩ નું પ.વો., પ.વો. તળેનો શેરો તથા આંક–૩ ના પ.કો. સાથે રજુ માર્ક–૩/૧નું આરોપીનું મરણ પ્રમાણપત્રની નકલ તથા વિ.એ.પી.પી.શ્રીનો મરણના પ્રમાણપત્ર તળેનો શેરો ધ્યાને લેતાં સદર આરોપી મરણ પામેલ હોઈ આરોપી સામેનો સદર કેસ એબેટ કરવામાં આવે છે.

DATE:-_09/08/2018 (ASIF MOHHEMMADHABIB MEMON)

UMBERGAON (GJ-01251)

3rd ADDITIONAL JUDICIAL MAGISTRATE FIRSTCLASS

UMBERGAON

C C NO. 1323 OF 2016

## –:: આંક–૧ લગત હુ ક મ ::–

હાલના કામે આંક–૩ થી રજુ આરોપીના સમન્સ તળેનો શેરો તથા આંક–૪ થી રજુ આરોપીનું સમન્સ તથા માર્ક ૪/૧ થી રજુ આરોપીના મરણ પ્રમાણપત્રની નકલ તથા વિ.એ.પી.પી.શ્રીનાં શેરો ધ્યાને લેતાં આરોપી કલ્પેશ મણીલાલ ધોડી મરણ ગયેલ હોવાનું ફલીત થતું હોઈ તેમની વિરૂધ્ધનો હાલનો કેસ એબેટ કરવામાં આવે છે.

DATE:-31/08/2018 (ASIF MOHHEMMADHABIB MEMON)

UMBERGAON (GJ-01251)

3rd ADDITIONAL JUDICIAL MAGISTRATE FIRSTCLASS

UMBERGAON

C C NO. 1745 OF 2015

**<u>–:: આંક–૧ લગત હુ ક મ ::–</u>**

હાલના કામે આંક–૩ થી રજુ આરોપીના જા.વો. તથા જા.વો. સાથેના આરોપીના મરણ પ્રમાણપત્રની નકલ તથા વિ.એ.પી.પી.શ્રીનાં શેરો ધ્યાને લેતાં આરોપી મરણ પામેલ હોવાનું ફલીત થતું હોઈ આરોપી સંતોષ બાબુરાવ જાદવ વિરૂધ્ધનો હાલનો કેસ એબેટ કરવામાં આવે છે.

DATE:-30/08/2018 (ASIF MOHHEMMADHABIB MEMON)

UMBERGAON (GJ-01251)

3rd ADDITIONAL JUDICIAL MAGISTRATE FIRSTCLASS

UMBERGAON

C C NO. 515 OF 2011

## –:: આંક–૧ લગત હુ ક મ ::–

હાલના કામે આંક–૩ ના તા.૩/૮/૧૮ નાં આરોપીના પ.કો. સાથે રજુ આરોપીના મરણના દાખલાની નકલ ધ્યાને લેતાં તથા વિ.એ.પી.પી.શ્રીનાં શેરો ધ્યાને લેતાં આરોપી મરણ પામેલ હોવાનું ફલીત થતું હોઈ આરોપી કેતન ઉર્ફે ચેતન જયંતી ભંડારી વિરૂધ્ધનો હાલનો કેસ એબેટ કરવામાં આવે છે.

DATE:-30/08/2018 (ASIF MOHHEMMADHABIB MEMON)

UMBERGAON (GJ-01251)

3rd ADDITIONAL JUDICIAL MAGISTRATE FIRSTCLASS
UMBERGAON

ફોજદારી કેસ રજી. તારીખ:-૦૮/૦૬/૨૦૧૮

ફોજદારી કેસ દાખલ તારીખ:- ૦૮/૦૬/૨૦૧૮

ફોજદારી કેસ ફેંસલ તારીખ:- ૧૮/૦૮/૨૦૧૮

સમયગાળો વર્ષ:- , માસ:- ,દિવસ:-

**ઉમરગામના મહે. ત્રીજા એડી. જ્યુડી. મેજી.ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટ સમક્ષ**

**મુકામ ઉમરગામ**

ફોજદારી કેસ નં. ૪૨૭/૨૦૧૮

આંક-

શ્રી સરકાર ફરીયાદી

વિરુદ્ધ

૧. પરષોત્તમભાઈ લખમાભાઈ વારલી, આરોપી
ઉ.વ. ૩૩,

૨. મનોજભાઈ લાડકાભાઈ વારલી, આરોપી
ઉ.વ. ૩૩,

૩. કલ્પેશભાઈ છગનભાઈ વારલી, આરોપી
ઉ.વ. ૨૬,

૪. જગદીશભાઈ મનસુખભાઈ વારલી, આરોપી
ઉ.વ. ૩૧,

૫. જયેશભાઈ સતુભાઈ વારલી, આરોપી
ઉ.વ. ૩૭,

૬. ધર્મેશભાઈ ઉર્ફે ધર્મેન્દ્ર મોહનભાઈ વારલી, આરોપી
ઉ.વ. ૨૫,

રહે. -આરોપી નં. ૧, ૨, ૫ તથા ૬નાઓ પુનાટ, ઈન્દીરા આવાસ,
તા. ઉમરગામ, જી. વલસાડ.
રહે. -આરોપી નં. ૩ તથા ૪નાઓ પુનાટ, કરાડપાડા,
તા. ઉમરગામ, જી. વલસાડ.

**ગુન્હો :- ઈ. પી. કો. કલમ ૧૪૩, ૧૪૭, ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨) મુજબ.**
**ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી શ્રી એસ.એન. પટેલ.**
**આરોપી તર્ફે વિ.વ. શ્રી બી. જી. પટેલ**

# :ઠરાવ:

૧. ફરીયાદ પક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, તા. ૧૧/૦૪/૨૦૧૭ના કલાક ૧૮/30 વાગે મોજે પુનાટ બસ સ્ટેન્ડ ત્રણ રસ્તા પાસે તો.દારોએ પુર્વ આયોજિત

હેતુ પાર પાડવાના ઈરાદાથી ગેરકાયદેસર મંડળી રચી હાથમાં લાકડીથી સજ્જ થઈ સાહેદોને પકડી ગ્રામ પંચાયતની ચુંટણીમાં હારજીતની અદાવત રાખી નાલાયક ગાળો બોલી ઢિક મુક્કીનો તથા લાકડીનો માર મારી સાહેદ પતીરામને મોઢાનાં ભાગે ફ્રેક્ચર કરી તથા સાહેદ અજયને શરીરે ઈજા પહોંચાડી ગામમાં ફરી દેખાશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી પાછળથી પકડાઈ જઈ ઈ.પી.કો. કલમ ૧૪૩, ૧૪૭, ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ જે ગુન્હાની ફરીયાદ ફરીયાદીએ કરતા આ કામના આરોપી સામે ઉપરોક્ત કલમો મુજબની ફરીયાદ ભિલાડ પોલીસ સ્ટેશન ફ. ગુના રજી. નં. ૫૪/૨૦૧૭થી રજીસ્ટરે લઈ તપાસના અંતે આરોપી સામે પુરતો પુરાવો મળી આવતા ચાર્જશીટ ઉક્ત ગુનાઓ સબબ કરવામા આવેલ અને આ ચાર્જશીટ ચીફ જ્યુડી. મેજી. કોર્ટમાં રજુ થતા તેને ફોજદારી કેસ નં. ૪૨૭/૨૦૧૮ આપવામાં આવેલ. અને આ કેસ અત્રે ત્રીજી જ્યુડી. મેજી. કોર્ટ, ઉમરગામમાં ટ્રાન્સફર કરવામાં આવેલ.

૨. આરોપી વિરુદ્ધ ચાર્જશીટ રજુ થતા અદાલત સમક્ષ આરોપી હાજર થતા પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ ત્યારબાદ ફરીયાદ પક્ષના આક્ષેપો અનુસાર ગુનાની વિગતે આંક-૪થી તહોમતનામું આરોપીની વિરુદ્ધ ફરમાવી તેની વિગતો વાંચી, સંભળાવી, સમજાવીને આરોપીનો અનુક્રમે આંક-૦૫ થી આંક-૧૦ મુજબ પ્રાથમીક જવાબ નોંધતા આરોપીએ ગુનાનો ઇન્કાર કરતા અને કેસ આગળ ચલાવવાની માંગણી કરતા આ કામ ફરીયાદ પક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ.

૩. અહીં ફરીયાદ પક્ષે આરોપી વિરુદ્ધના આક્ષેપો પુરવાર કરવા નીચે મુજબનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ રાખવામાં આવેલ છે.

**(અ) <u>ફરીયાદ પક્ષે રજુ થયેલ મૌખીક પુરાવો:-</u>**

૧. આંક-૧૨થી ફરીયાદી સંપતભાઈ વિજયભાઈ

૨. આંક-૧૪થી સાહેદ પરષોત્તમભાઈ ચંદુભાઈ

૩. આંક-૧૫થી સાહેદ પ્રકાશભાઈ ચંદુભાઈ

૪. આંક-૧૬થી સાહેદ અરુણભાઈ કાંતીભાઈ

૫. આંક-૧૭થી સાહેદ કલ્પેશભઈ સંજીભાઈ

૬. આંક-૧૮થી સાહેદ અજયભાઈ કલ્પેશભાઈ

૭. આંક-૧૯થી સાહેદ પતીરામભાઈ સંપતભાઈ

**(બ) <u>ફરીયાદ પક્ષે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો:-</u>**

૧. આંક-૨૦થી ફરીયાદીની ફરીયાદ

૨. આંક-૨૦થી ગુનાવાળી જગ્યાનું પંચનામુ

૩. આંક-૨૧થી ગુનામાં વપરાયેલ મુદ્દામાલ કબ્જે કર્યા અંગેનું પંચનામુ

૪. આંક-૨૨થી ઈજા પામનાર સાહેદ પતીરામની સારવારનું પ્રમાણપત્ર

૫. આંક-૨૩થી ઈજા પામનાર સાહેદ પતીરામનું એમ.એલ.સી. પ્રમાણપત્ર

૪. આ સીવાય ફરીયાદ પક્ષે અન્ય કોઈ વિશેષ પુરાવો રજુ કરવામાં માંગતા નથે તે અંગેની ક્લોઝીંગ પુરસીસ આંક-૨૪થી રજુ છે આમ આ સીવાય અન્ય કોઈ પુરાવો રજુ રાખવામાં આવેલ નથી.

૫. ઉપરોક્ત વિગતોએ ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદમાં ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ-૩૧૩ અન્વયે આરોપીના વિશેષ જવાબો નોંધતા ઇન્કારીયતનો બચાવ લઈ તેઓ સામે ખોટો કેસ કરેલ છે તેવું આરોપીએ જણાવેલ છે. બલ્કે આરોપીએ સોગંદ ઉપર જુબાની આપેલ નથી કે બચાવના કોઈ સાહેદો તપાસેલા નથી. ત્યારબાદ સદર કામનું ઉપલબ્ધ રેકર્ડ વંચાણે લીધુ તેમજ સદર કેસનાં ફરીયાદ પક્ષે રજુ કરેલ તમામ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા ધ્યાને લીધા તેમજ ફરીયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રી એસ. એમ. પટેલની દલિલો તથા આરોપી તર્ફે વિ. વ. શ્રી બી. જી. પટેલની દલિલો સાંભળેલ છે.

**૬. ઉક્ત વિગતોએ ફરીયાદ પક્ષના કેસના નિર્ણય તેમજ નિકાલ સારુ મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થીત થાય છે.**

૧. શું ફરીયાદ પક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા. ૧૧/૦૪/૨૦૧૭ના કલાક ૧૮/૩૦ વાગે મોજે પુનાટ બસ સ્ટેન્ડ ત્રણ રસ્તા પાસે તો.દારોએ પુર્વ આયોજિત હેતુ પાર પાડવાના ઈરાદાથી ગેરકાયદેસર મંડળી રચી હાથમાં લાકડીથી સજ્જ થઈ સાહેદોને પકડી ગ્રામ પંચાયતની ચુંટણીમાં હારજીતની અદાવત રાખી નાલાયક ગાળો બોલી ઢિક મુક્કીનો તથા લાકડીનો માર મારી સાહેદ પતીરામને મોઢાનાં ભાગે ફ્રેક્ચર કરી તથા સાહેદ અજયને શરીરે ઈજા પહોંચાડી ગામમાં ફરી દેખાશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી પાછળથી પકડાઈ જઈ ઈ.પી.કો. કલમ ૧૪૩, ૧૪૭, ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ?

૨. **શું હુકમ ?**

**૭. ઉપરોક્ત મુદ્દાઓ પરના મારા ન્યાયીક નિર્ણયો નીચે જણાવેલા કારણોસર નીચે મુજબના છે.**

**૧. નકારાત્મક.**

**૨. આખરી હુકમ મુજબ.**

**કારણો**

**મુદ્દા નંબર:-૧.**

૮. આરોપીની વિરુદ્ધના આક્ષેપો પુરવાર કરવા ફરીયાદ પક્ષે તા. ૧૧/૦૪/૨૦૧૭ના કલાક ૧૮/૩૦ વાગે મોજે પુનાટ બસ સ્ટેન્ડ ત્રણ રસ્તા પાસે તો.દારોએ પુર્વ આયોજિત હેતુ પાર પાડવાના ઈરાદાથી ગેરકાયદેસર મંડળી રચી

હાથમાં લાકડીથી સજ્જ થઈ સાહેદોને પકડી ગ્રામ પંચાયતની ચુંટણીમાં હારજીતની અદાવત રાખી નાલાયક ગાળો બોલી ઢિક મુક્કીનો તથા લાકડીનો માર મારી સાહેદ પતીરામને મોઢાનાં ભાગે ફ્રેક્ચર કરી તથા સાહેદ અજયને શરીરે ઈજા પહોંચાડી ગામમાં ફરી દેખાશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી પાછળથી પકડાઈ ગયેલ તેવુ પુરવાર કરવુ જરૂરી જણાય છે અને આ અંગે ફરીયાદ પક્ષે તપાસવામાં આવેલ સાહેદોનો પુરાવો જોવામાં આવે તો,

૯. આ કામે ફરીયાદ પક્ષે આંક-૧૨થી ફરીયાદી સંપતભાઈ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા, ૧૧/૪/૨૦૧૭નાં રોજ સાંજે હું મારા ગામની સરપંચની ચુંટણીમાં મતગણતરીમાં ગયેલ અને અમારા ગામનાં સરપંચ તરીકે ભારતીબેન વારલી ચુંટાઈ આવેલ હોઈ તેમના ઘરે ચા નાસ્તો કરી હું ઘરે જતો હતો ત્યારે સાંજે સાડા છ એક વાગે પુનાટ બસ સ્ટોપ પાસે રોડ ઉપર અમારા ગામમાં રહેતા પરષોત્તમભાઈ, મનોજભાઈ, કલપેશભાઈ, જગદીશભાઈ, જયેશભાઈ અને ધર્મેશભાઈનાઓ ચુંટણીની અદાવત રાખી મારા છોકરા સાથે ઝગડો કરતા હતા ત્યારે લોકોનુ ટોળુ ભેગુ થઈ જતા ધક્ક મુક્કીમાં મારો છોકરો પતીરામ તથા બીજો એક ઈસમ જેને ઈજા થયેલ જે બાબતે મે પોલીસ ફરીયાદ આપેલ. બનાવ અંગે મે ફરીયાદ આપેલ તેમ જણાવી ફરીયાદમાં ફરીયાદી તરીકેની પોતાની સહિ ઓળખી બતાવી ફરીયાદ આંક-૧૩થી રજુ રાખેલ છે. ઉલટ તપાસનાં ભાગે સદર ફરીયાદી જણાવે છે કે, સામાન્ય બોલાચાલી થયેલ બીજુ કશુ બનેલ નથી.

૧૦. આ કામે ફરીયાદ પક્ષે આંક-૧૪થી સાહેદ પરષોતમભાઈ ચંદુભાઈ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા, ૧૨/૪/૨૦૧૭નાં રોજ સાંજે હું મારા ગામની સરપંચની ચુંટણીમાં મતગણતરીમાં ગયેલ અને અમારા ગામનાં સરપંચ તરીકે ભારતીબેન વારલી ચુંટાઈ આવેલ હોઈ તેમના ઘરે ચા નાસ્તો કરી હું ઘરે જતો હતો ત્યારે હું તથા મારા મિત્રો સાંજે સાડા છ એક વાગે પુનાટ બસ સ્ટોપ પાસે રોડ ઉપર અમારા ગામમાં રહેતા પરષોત્તમભાઈ, મનોજભાઈ, કલપેશભાઈ, જગદીશભાઈ, જયેશભાઈ અને ધર્મેશભાઈનાઓ ચુંટણીની અદાવત રાખી મારા મિત્ર પતીરામ તથા અજયભાઈ સાથે ઝગડો કરતા હતા ત્યારે લોકોનુ ટોળુ ભેગુ થઈ જતા ધક્કા મુક્કીમાં મારા મીત્રોને પડી જવાથી ઈજા થયેલ પોલીસે મારો જવાબ લીધેલ. ઉલટ તપાસનાં ભાગે સદર સાહેદ જણાવે છે કે, સામાન્ય બોલાચાલી થયેલ બીજુ કશુ બનેલ નથી.

૧૧. આ કામે ફરીયાદ પક્ષે આંક-૧૫થી સાહેદ પ્રકાશભાઈ ચંદુભાઈ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા. ૧૨/૪/૨૦૧૭નાં રોજ સાંજે હું મારા ગામની સરપંચની ચુંટણીમાં મતગણતરીમાં ગયેલ અને અમારા ગામનાં સરપંચ તરીકે ભારતીબેન વારલી ચુંટાઈ આવેલ હોઈ તેમના ઘરે ચા નાસ્તો કરી હું ઘરે જતો હતો ત્યારે હું તથા મારા મિત્રો સાંજે સાડા છ એક વાગે પુનાટ બસ સ્ટોપ પાસે રોડ ઉપર

અમારા ગામમાં રહેતા પરષોત્તમભાઈ, મનોજભાઈ, કલપેશભાઈ, જગદીશભાઈ, જયેશભાઈ અને ધર્મેશભાઈનાઓ ચુંટણીની અદાવત રાખી મારા મિત્ર પતીરામ તથા અજયભાઈ સાથે ઝગડો કરતા હતા ત્યારે લોકોનુ ટોળુ ભેગુ થઈ જતા ધક્કા મુક્કીમાં મારા મીત્રોને પડી જવાથી ઈજા થયેલ પોલીસે મારો જવાબ લીધેલ. ઉલટ તપાસનાં ભાગે સદર સાહેદ જણાવે છે કે, સામાન્ય બોલાચાલી થયેલ બીજુ કશુ બનેલ નથી.

૧૨. આ કામે ફરીયાદ પક્ષે આંક-૧૬થી સાહેદ અરુણભાઈ કાંતીભાઈ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા. ૧૨/૪/૨૦૧૭નાં રોજ સાંજે હું મારા ગામની સરપંચની ચુંટણીમાં મતગણતરીમાં ગયેલ અને અમારા ગામનાં સરપંચ તરીકે ભારતીબેન વારલી ચુંટાઈ આવેલ હોઈ તેમના ઘરે ચા નાસ્તો કરી હું ઘરે જતો હતો ત્યારે હું તથા મારા મિત્રો સાંજે સાડા છ એક વાગે પુનાટ બસ સ્ટોપ પાસે રોડ ઉપર અમારા ગામમાં રહેતા પરષોત્તમભાઈ, મનોજભાઈ, કલપેશભાઈ, જગદીશભાઈ, જયેશભાઈ અને ધર્મેશભાઈનાઓ ચુંટણીની અદાવત રાખી મારા મિત્ર પતીરામ તથા અજયભાઈ સાથે ઝગડો કરતા હતા ત્યારે લોકોનુ ટોળુ ભેગુ થઈ જતા ધક્કા મુક્કીમાં મારા મીત્રોને પડી જવાથી ઈજા થયેલ પોલીસે મારો જવાબ લીધેલ. ઉલટ તપાસનાં ભાગે સદર સાહેદ જણાવે છે કે, સામાન્ય બોલાચાલી થયેલ બીજુ કશુ બનેલ નથી.

૧૩. આ કામે ફરીયાદ પક્ષે આંક-૧૭થી સાહેદ કલ્પેશભાઈ સંજીભાઈ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા. ૧૨/૪/૨૦૧૭નાં રોજ સાંજે હું મારા ગામની સરપંચની ચુંટણીમાં મતગણતરીમાં ગયેલ અને અમારા ગામનાં સરપંચ તરીકે ભારતીબેન વારલી ચુંટાઈ આવેલ હોઈ તેમના ઘરે ચા નાસ્તો કરી હું ઘરે જતો હતો ત્યારે હું તથા મારા મિત્રો સાંજે સાડા છ એક વાગે પુનાટ બસ સ્ટોપ પાસે રોડ ઉપર અમારા ગામમાં રહેતા પરષોત્તમભાઈ, મનોજભાઈ, કલપેશભાઈ, જગદીશભાઈ, જયેશભાઈ અને ધર્મેશભાઈનાઓ ચુંટણીની અદાવત રાખી મારા મિત્ર પતીરામ તથા અજયભાઈ સાથે ઝગડો કરતા હતા ત્યારે લોકોનુ ટોળુ ભેગુ થઈ જતા ધક્કા મુક્કીમાં મારા મીત્રોને પડી જવાથી ઈજા થયેલ પોલીસે મારો જવાબ લીધેલ. ઉલટ તપાસનાં ભાગે સદર સાહેદ જણાવે છે કે, સામાન્ય બોલાચાલી થયેલ બીજુ કશુ બનેલ નથી.

૧૪. આ કામે ફરીયાદ પક્ષે આંક-૧૮થી સાહેદ અજયભાઈ કલ્પેશભાઈ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા. ૧૧/૪/૨૦૧૭નાં રોજ સાંજે હું મારા ગામની સરપંચની ચુંટણીમાં મતગણતરીમાં ગયેલ અને અમારા ગામનાં સરપંચ તરીકે ભારતીબેન વારલી ચુંટાઈ આવેલ હોઈ તેમના ઘરે ચા નાસ્તો કરી હું ઘરે જતો હતો ત્યારે સાંજે સાડા છ એક વાગે પુનાટ બસ સ્ટોપ પાસે રોડ ઉપર અમારા ગામમાં રહેતા પરષોત્તમભાઈ, મનોજભાઈ, કલપેશભાઈ, જગદીશભાઈ, જયેશભાઈ અને ધર્મેશભાઈનાઓ ચુંટણીની અદાવત રાખી મારી સાથે ઝગડો કરતા હતા ત્યારે લોકોનુ ટોળુ ભેગુ થઈ જતા ધક્કા મુક્કીમાં મને તથા પતીરામને ઈજા થયેલ જે બાબતે પોલીસે

મારો જવાબ લીધેલ. ઉલટ તપાસનાં ભાગે સદર સાહેદ જણાવે છે કે, સામાન્ય બોલાચાલી થયેલ બીજુ કશુ બનેલ નથી.

૧૫. આ કામે ફરીયાદ પક્ષે આંક-૧૯થી સાહેદ પતીરામભાઈ સંપતભાઈ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા. ૧૧/૪/૨૦૧૭નાં રોજ સાંજે હું મારા ગામની સરપંચની ચુંટણીમાં મત ગણતરીમાં ગયેલ અને અમારા ગામનાં સરપંચ તરીકે ભારતીબેન વારલી ચુંટાઈ આવેલ હોઈ તેમના ઘરે ચા નાસ્તો કરી હું ઘરે જતો હતો ત્યારે સાંજે સાડા છ એક વાગે પુનાટ બસ સ્ટોપ પાસે રોડ ઉપર અમારા ગામમાં રહેતા પરષોત્તમભાઈ, મનોજભાઈ, કલ્પેશભાઈ, જગદીશભાઈ, જયેશભાઈ અને ધર્મેશભાઈનાઓ ચુંટણીની અદાવત રાખી મારી સાથે ઝગડો કરતા હતા ત્યારે લોકોનુ ટોળુ ભેગુ થઈ જતા ધક્કા મુક્કીમાં મને તથા અજયને ઈજા થયેલ જે બાબતે પોલીસે મારો જવાબ લીધેલ. ઉલટ તપાસનાં ભાગે સદર સાહેદ જણાવે છે કે, સામાન્ય બોલાચાલી થયેલ બીજુ કશુ બનેલ નથી.

૧૬. ઉપરોક્ત ફરીયાદી તથા સાહેદ ફરીયાદ પક્ષને સમર્થન આપતા ન હોઈ વિ. એ. પી. પી. શ્રીએ બન્નેને ફરી ગયેલા જાહેર કરેલ છે આમ હાલનાં કામે ફરીયાદી તથા સાહેદની જુબાની ફરીયાદ પક્ષને મદદરુપ થઈ શકતી નથી.

આમ, સમગ્ર કેસમાં પડેલ પુરાવો જોતાં ઈ. પી કો. કલમ ૧૪૩, ૧૪૭, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબના ગુનાના તત્વો પુરવાર કરવા માટે વ્યાજબી શંકાથી પર હોય તે પ્રકારનો પુરાવો ફરીયાદ પક્ષે આ કામે સચોટ રીતે રજુ કરતા નથી અને સમગ્ર જુબાનીઓથી ફરીયાદ પક્ષનાં કેસના શંકા પેદા થતી હોવાનુ રેકર્ડ ઉપરથી જણાય છે. આથી આ કામે આરોપીને ગુનાની સાથે સાંકળીને તકસીરવાન ઠરાવી શકાય તેવો સચોટ, શ્રેષ્ઠ, વિશ્વાસલાયક, સમર્થનકારી પ્રત્યક્ષ, પરોક્ષ પુરાવો રજુ થતો ના હોઈ મુદ્દા નં.-૧નો જવાબ નકારાત્મક આપવામાં આવે છે. જ્યારે મુદ્દા નં-૨ અન્વયે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## આખરી હુકમ

(૧) આ કામનાં તમામ આરોપી નં.- ૧. પરષોત્તમભાઈ લખમાભાઈ વારલી, તથા આરોપી નં.-૨. મનોજભાઈ લાડકાભાઈ વારલી, તથા આરોપી નં.-૩. કલ્પેશભાઈ છગનભાઈ વારલી, તથા આરોપી નં.-૪. જગદીશભાઈ મનસુખભાઈ વારલી, તથા આરોપી નં.-૫. જયેશભાઈ સતુભાઈ વારલી, તથા આરોપી નં.-૬. ધર્મેશભાઈ ઉર્ફે ધર્મેન્દ્ર મોહનભાઈ વારલીનાઓને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૪૮(૧) અનુસાર ઈ.પી.કો. કલમ ૧૪૩, ૧૪૭, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબના શીક્ષાપાત્ર ગુનાઓની તહોમતમાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨)  આ કામે આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ ૪૩૭(ક) મુજબ અપીલ સમય સુધીનાં રુપિયા ૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા)નાં જામીન તથા તેટલીજ રકમનો જાત મુચરકો રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) હાલનાં કામે કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ લાકડીનો અપિલ સમય વિત્યે નાશ કરવો.

આ હુકમ આજરોજ તા. ૧૮, માહે- ઓગષ્ટ, સને-૨૦૧૮ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

DATE:- 18/08/2018 (ASIF MOHHEMMADHABIB MEMON)
UMBERGAON (GJ-01251)
3rd ADDITIONAL JUDICIAL MAGISTRATE FIRSTCLASS
UMBERGAON